# यतिदिनचर्या : वृत्तिनी गवेषणा.

– पं. प्रद्युम्नविजयगणी

'यतिदिनचर्या' नामनी बे कृति प्रसिद्ध छे. एक श्री देवसूरिकृत अने एक श्री भावदेवसूरिकृत. तेमां श्री भावदेवसूरि कृत 'यतिदिनचर्या' –तेना उपरनी श्री मतिसागरसूरिकृत वृत्ति सहित–पूज्यपाद सागरजी महाराजे संपादित करीने प्रकाशित करी छे. अने बीजी श्री देवसूरिकृत 'यतिदिनचर्या' हजी अप्रकाशित छे. जो के ते मूलमात्र मुनि जिनविजय द्वारा संपादित थई प्रकाशित थनार हती पण तेना फर्मा छपाई गया अने पछी प्रस्तावना न लखवाना कारणे ए ए रीते अप्रकाशित ज रही गई. तेना उपर पण श्री मतिसागरसूरिकृत वृत्ति मळे छे.

आ मतिसागरसूरिजी कोनी परंपरामां आवे, तेओनो गुरुपूर्वक्रम शुं छे, तेओनो सत्तासमय कयो, तेओनी आ बे सिवाय कई कई रचना छे, वगेरे बाबतो जाणी शकाई नथी.

अमारे अत्यारे आ श्री देवसूरिकृत 'यतिदिनचर्या' नुं संपादन चाले छे. आना माटेनी सामग्री भंडारोमांथी सारा प्रमाणमां मळी छे. प्राचीनमां प्राचीन एक पोथी छाणीना श्री वीरविजयशास्त्री संग्रहनी ताडपत्रनी मळी छे. लेखनसंवत वि. सं. १३०१ छे. प्रति शुद्ध छे. आमां गाथा ३८९ छे. श्री जिनविजय–संपादित कृतिमां ३३६ गाथा ज मळे छे. तेमने पण घणी घणी प्रतोमां अन्यान्य गाथाओ तो मळी छे पण तेओए एक वाचना स्वीकारीने अन्य प्रतोनी गाथाने पादनोंधमां मूकी छे. अमे तो आ छाणीनी ताडपत्र–पोथीने ज आधारे संपादन कर्युं छे. बीजी कागळनी सत्तरमा सैकानी घणी प्रतो अलग अलग भंडारोमांथी मळी छे. एक संवेगीना उपाश्रयना भंडारनी पोथी तो "वि.सं. १६४४ वर्षे जगद्गुरु– श्रीहीरविजयसूरिवाचनकृते मुनिमानविजयेन लिखिता" – एवी पुष्पिकावाळी मळी छे. जो के अमने मळेली पोथीओमां पण गाथानी संख्या तो ओछी–वधारे मळी ज छे.

श्री भावदेवसूरिकृत 'यतिदिनचर्या'नी गाथा तो मात्र १५४ ज छे. एटले पू. सागरजी महाराजे तेनो मिताक्षरी प्रस्तावनामां नोंध्युं ज छे के "एक श्री देवसूरिकृत य.दि.च. मळे छे पण ते मोटी छे माटे संक्षिप्तरुचि जीवो माटे आ नानी प्रकाशित करीए छीए." श्री भावदेवसूरि करतां श्री देवसूरिजी प्राचीन छे. देवसूरिकृत य.दि.च. नी आदि–अन्तिम गाथा आ प्रमाणे छे. आदि गाथा –

**तं जयइ सुहं कम्मं निम्मिअसम्मं जयम्मि जं सूरो,**
**अविरामं पिच्छंतो अज्जवि न करेइ वीसामं ।।१।।**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अन्तिमगाथा –

संविग्ग–वग्ग–सायर–पभणिय–सिरिदेवसूरि–उद्धरिया ।
जाव रवि–दिवस–चरिया ता जयउ जईण दिणचरिया ॥६८९॥

आना उपर मतिसागरसूरिनी वृत्ति छे. तेओनो सत्तासमय अढारमा सैकानो लागे छे. वधीने सत्तरमो सैको–एथी जूना होय तेम जणातुं नथी.

भावदेवसूरिकृत य.दि.च. उपरनी वृत्तिमां तो तेओए प्रारंभमां ज कह्युं छे के–

दिनचर्या श्रुतधुर्या कृतवान् श्री भावदेवसूरिवरः ।
सुकरां तनुते रम्यां मतिसागर एष तद्वृत्तिम् ॥

आ रीते श्रीदेवसूरिकृत य.दि.च.ना आदि भाग के अन्त भागमां तेओनो नामोल्लेख मळतो नथी. भंडारनी नामावलिमां 'टीकाकार मतिसागरसूरि' ए रीतनो उल्लेख छे– ४१४४ ग्रन्थाग्रनी वृत्तिनी रचना घणी ज शिथिल बंधवाळी अने कोई शिखाउ व्यक्तिए आ प्रथम प्रयत्न कर्यो होय तेवुं प्रतीत थाय छे. वळी आ टीकानी जेटली पोथी मळी ते बधामां गाथा–६४ थी ६९ उपर वृत्ति नथी. क्यांक क्यांक वृत्ति अधूरी पण मूकी छे अने आश्चर्य तो ए छे के जेटली पोथीओ मळे छे ते बधी जाणे एक ज लहियाना हाथे लखायेली होय तेम लागे. पत्रसंख्या, कागळनी साइज, जात, अक्षर–मरोड बधुं ज एकसरखुं. अने जे पानानी जेटली लीटीथी, जे अक्षरथी वृत्ति अधूरी छे ते ज रीते भावनगर, लींबडी, अम. डेला.नी एम बधी पोथीओमां छे.

आवी परिस्थितिमां एक आशानुं किरण छे.

डेलाना उपाश्रयनी य. दि. च.नी मतिसागरसूरि कृत टीकानी जे पोथी छे तेनी पहेली पूंठीमां झीणा अक्षरे आखुं पानुं भरीने लखाण छे. सूक्ष्म नजरे ज्यारे ए लखाण वांच्युं–उकेल्युं त्यारे ख्याल आव्यो के आ तो श्री देवसूरिकृत. य. दि. च. नी पहेली गाथानी वृत्तिनी काची नकल छे. ए वृत्तिनी शैली जोईने थयुं के श्री देवसूरिकृत य.दि.च. नी गरिमाने न्याय आपे तेवी आ टीका छे. पण आज दिन सुधी घणा भंडारोमां आ दृष्टिए तपास करी पण हजी नजरे चढी नथी.

कोई पण विद्वान मित्रने ए जोवामां आवे तो जरूर जाण करे.

अत्यारे मूळ अने वृत्तिनुं संपादन थई गयुं छे, पण कदाच आ विद्वत्तापूर्ण वृत्ति–मळी आवे तो तेनुं ज संपादन करवुं ए आशाए आनुं प्रकाशन रोकी राख्युं छे.

विद्याप्रेमी सहृदय विद्वानोने ख्याल आवे ते माटे बन्ने वृत्तिनो प्रारंभ भाग आ साथे आप्यो छे–ते जोवाथी बन्नेनी शैलीनो पण परिचय मळी जशे.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# अज्ञातकृत वृत्ति

'यतिदिनचर्या'नी टीकावाळी प्रतना पहेला पानानी पहेली पूंठी उपरना पाठनो आ उतारो छे. प्रत नं. ११२५४. आ पाठ डेलानी प्रतमां पहेला पानानी आगळ छे. पोणुं पानुं लखेलुं छे.

श्रेयांसि बहुविघ्नानि महतामपीति कृतमङ्गलोपचारैरेव शास्त्रादौ प्रवर्तितव्यम् । तन्मङ्गलं नामादिभेदतश्चतुर्विधम् । तद्यथा–नाममङ्गलं स्थापनामङ्गलं द्रव्यमङ्गलं भावमङ्गलं चेति । यन्मङ्गलार्थशून्यानां जीवाजीवोभयानां ज्वलनादीनां देशीभाषया मङ्गलमिति नाम रूढम् । तत्र जीवस्याग्रेर्मङ्गलमिति नाम रूढं सिन्धुविषये, अजीवस्य दवरकचलनकस्य मङ्गलमिति नाम रूढं लाटदेशे, जीवाजीवोभयस्य सु–मङ्गलमिति नाम रूढं चन्दनमालाया दवरिकादीनामचेतनत्वात् पत्रादीनां सचेतनत्वाज्जीवाजीवोभयत्वं नवं वा क्रियते तद् वस्तु = नाम्ना नाममात्रेण मङ्गलमिति कृत्वा = नाममङ्गलं स्वस्तिकादीनां तु या स्थापना लोके सा स्थापना मङ्गलं चित्रकर्मादि गतः परममुन्यामपि स्थापनामङ्गलम्। द्रव्यमङ्गलं तु द्विधा आगमतो नोआगमतश्चात्रागमो मङ्गलशब्दार्थज्ञानरूपोऽभिप्रेतस्तदावरणक्षयोपशमवानपि यो मङ्गलशब्दार्थेऽनुपयुक्तः स आगमतो द्रव्यमङ्गलमनुपयोगो द्रव्यमिति वचनात् । नोआगमतस्तु तद् ज्ञशरीर–भव्यशरीर–तद्व्यतिरिक्तभेदात् त्रिविधं तत्राद्ये निगदसिद्धे तया जिनप्रणीता मङ्गल्या प्रत्युपेक्षणादि क्रिया अनुपयुक्तेन क्रियते सा अथवा शोभनवर्णादिगुणविशिष्ट सुवर्णरत्नदध्यक्षतकुसुममङ्गलकलशादिकं तत्सर्वं तद्व्यतिरिक्तं नो आगमतो द्रव्यमङ्गलम् भावमङ्गलमपि द्विविधं आगमतो नोआगमतश्च । तत्रागमत–स्तावन्मङ्गलपदार्थज्ञ उपयुक्तश्च । नोआगमतस्तु आगमवर्जज्ञानचतुष्टयं दर्शनचरित्रणि चाथवा प्रतिक्रमणप्रत्युपेक्षणादिक्रियां कुर्वाणस्य यो ज्ञानदर्शनचारित्रोपयोगपरिनणामः सतो आगमतो भावमङ्गलमुच्यते । तदत्रचतुर्विधेषु मङ्गलेष्वाधत्रयमनुपयोगित्वात् अनादृत्य शास्त्रारम्भे शास्त्रकारः विघ्नविघातकं द्वितीयं तु भावमङ्गलरूपं शुभं कर्म–साध्वादेः स्तुतिद्वारेणोपन्यसन्नाह–**तं जयइ** ति तत् शुभं प्रशस्तं निरवद्यत्वात् कर्मचरणाद्यासेवनं जयति प्रकर्षवत्तया व्याप्नोति यत्तदोर्नित्यसम्बन्धात् यत् शब्दघटनामाह–**यत् कर्म निम्मिअसम्मं जयम्मि** त्ति पूर्वगुणस्थानकापेक्षया जयो रागादेर्येन सः निर्मितसम्यक्जयस्तस्मिन्नथवा सम्यक् चासौ जयश्च सम्यग्जयः स तु बाह्यारिजयापेक्षया आन्तरारिजय एव निर्मितः सम्यग्जयोपेतः स नि० तस्मिन् साधौ **अविरामं** ति विलम्बरहितमप्रमादेन यथासमयं यथाकालं साधुभिरासेव्यमानत्वात् **प्रेक्षमाणो** विलोकयन् **अद्यापि सूरो विश्रामं न करोति** साधुवदहमपि सर्वजन्तुहितदायि कर्म समाचरेयमित्यभिप्रायेण सूरोऽविलम्बेन क्षेत्रं प्रकाशयन् चरतीतिशास्त्रकर्त्रोत्प्रेक्षितोऽर्थः । ननु शुभकर्मानुष्ठानं कथं नोआगमतो भावमङ्गलम् । को नाम मङ्गलपदार्थः । उच्यते भावो विवक्षितक्रियानुभूतियुक्तो हि वै समाख्यातः । सोऽत्र प्रत्युपेक्षणादिकर्मोपयोगरूपो भावो विवक्षितोऽस्ति नोशब्दोऽस्यात्र देशवाचौ क्रियामिश्रत्वात्।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

मग्यतेऽधिगम्यते हितमनेनेति मङ्गलम । अथवा मङ्गो धर्मस्तं लाति समादत्ते इति मङ्गलं धर्मोपादानहेतुरिति शुभानुष्ठानं एतादृशं वर्तते एवेति ।

अन्ये तु द्रव्यमङ्गलमपि भावमङ्गलं तदङ्गत्वात् । यद्यस्य कारणं तत्तद्व्यपदेशं लभत एव यथा आयुर्धृतं रूपको भोजनमित्यादि । एवं वा त्रयप्रकारेण भावमङ्गलस्य प्रायेण पुण्यप्रकृतिनिमित्तकत्वात् कारणे कार्योपचारं विधाय तदेव स्तुतिद्वारेणोपन्यसन्नाह –

तं **जयइ** त्ति तत् शुभं कर्म सान्तवेदनीयादि तीर्थकृन्नामप्रभृतिकं जयति यत् शुभं कर्म जगति निर्मितं प्राणिभिरित्याध्याहारः **विश्वे अविरामं**–न विद्यते विरामोऽवसानमस्य तदविरामं अनन्तं अनेकजीवापेक्षया प्रेक्षमाणोऽद्यापि **विश्रामं न करोति** । किमुक्तं भवति । नाना के ते नानाजीवानां पुण्यावलोकनार्थमेव अविश्रामं भ्रमतीति पक्षिकोऽर्थः ।

मूल =

**तं जयइ सुहं कम्मं, निम्मियसम्मं जयंमि जं सूरो ।**
**अविरामं पिच्छंतो, अज्जवि न करेइ वीसामं ॥१॥**

## श्री मतिसागरकृत टीकानो प्रारंभभाग

६ ॥

ओं नमो विश्वविख्यातकीर्त्तये कान्तमूर्त्तये ।
विश्वालङ्कारभूताय पूताय श्रीमदर्हते ॥१॥

अष्टकर्मक्षयात् सिद्धिं प्राप्ता ये परमेष्टिनः ।
ते सिद्धाः सिद्धिसौख्यानि दिशन्तु वरदेहिनाम् ॥२॥

स्वयं पञ्चविधाचारमाचरन्तस्तथाऽपरान् ।
आचारे योजयन्तस्ते जयन्त्वाचार्यकुञ्जरां ॥३॥

ये चाङ्गोपाङ्गपाथोधिपारगाः प्रौढबुद्धयः ।
साधूनध्यापयन्तस्ते जीयासुर्वाचकोत्तमाः ॥४॥

ये च सार्द्धद्वयद्वीपमध्यगाः सर्वसाधवः ।
विहरन्ति महात्मानो नमस्तेभ्यस्त्रिशुद्धितः ॥५॥

श्रीभारतीं भगवतीं प्रणम्य सम्यक् कवीन्द्रनतचरणाम् ।
यतिदिनचर्याविवृतिं करोमि सुगुरुप्रसादेन ॥६॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इह हि ग्रन्थकारः सकल शुभक्रियाकलापसाध्यभूतं ऐहिकाऽऽमुष्मिकसौख्यदायकं मङ्गलार्थं मङ्गलभूतं शुभं कर्म स्तौति । यथा –

**तं जयइ सुहं कम्मं निम्मिअसम्मं जयम्मि जं सूरो ।**
**अविरामं पिच्छंतो[1] अज्जवि न करेइ वीसामं ॥१॥**

तं जयइ त्ति तत् शुभं कर्म जयति । जयतीति क्रियापदम् । किं कर्तृ कर्म । किंविशिष्टं कर्म शुभं शुभप्रकृतिरूपम् । पुनः कथम्भूतं ? निम्माअसम्मं ति सम्यक् निर्मितं सम्यक पुण्यप्रकृत्या निबद्धम् । पुण्यप्रकृतिर्यथा सा उच्चगोअ इत्यादि । सातवेदनीयं कर्म १ उच्चैर्गोत्रं २ मनुष्यद्विकं मनुष्यतिः ३ मनुष्यानुपूर्वी च । पूर्वी वर्ण्यते द्विसमयादिविग्रहेण भवान्तरं गच्छतो जन्तोर्वृषभनासिकारज्जुकगत्या अनुश्रेणिनयनमित्यर्थः ४ देवगतिः ५ देवानुपूर्वी ६ पञ्चेन्द्रियजातिः ७ औदारिक ८ वैक्रिय ९ आहारक १० तैजस ११ कार्मण १२ रूपाणि पञ्च शरीराणि औदारिक १३ वैक्रिय १४ आहारकाणां अङ्गोपाङ्गानि १५ वज्रऋषभनाराचसंहननं १६ समचतुरस्रसंस्थानं १७ वन्नचउक्का० शुभवर्ण १८ शुभगन्ध १९ शुभरस २० शुभस्पर्श २१ अगुरुलघुनामकर्म अङ्गं न गुरु न लहुअं इत्यादि २२ पराधातनामकर्म यतोऽपरेषां दुर्धर्षो भवति २३ उच्छ्वासनाम कर्म २४ रविबिम्बे आतपनामकर्म २५ अनुष्णप्रकाशरूपं = अणुसिणपयासररूवं चन्दे उद्योतनामकर्म २६ शुभविहायोगतिर्हंसादीनामिव २७ अंगोवंगनिअमणं निम्माणं कुणइ सुत्तहारसमं २८ । त्रसदशकमाह–तसबायर० त्रसनाम २९ बादर ३० पर्याप्त ३१ प्रत्येक ३२ स्थिर ३३ शुभ ३४ सुभग ३५ सुस्वर ३६ आदेय ३७ जस ३८ एतत् त्रसादिदशकं सुरायुः ३९ नरायुः ४० तिर्यगायुः ४१ तीर्थङ्करत्वं ४२ एवं द्विचत्वारिंशत पुण्यप्रकृतयो भवन्ति । प्रस्तुतमेवाह –

जं यत् कर्म पुण्यप्रकृत्योपार्जितं तीर्थकर चक्रवर्ति वासुदेव बलदेव अन्येऽपि महाराजादिरूपं निम्मिअसम्मं ति सम्यक् निर्मितं जयंमि त्ति जगति विश्वे सूरो त्ति सूर्यो दिनकरः अविरामं पिच्छंतो त्ति विरामरहितं विश्रामरहितं ।

१. 'अविरामं' : छाणी



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org